
# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143

---




# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143

---



# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143



ચિલોત્રો



ભૂરો માખીમાર



સર્પગ્રીવ



પારાકીટ

ભારત સરકારે ૧૯૭૩માં આપણા રાષ્ટ્રીય પ્રાણી વાઘની સુરક્ષા માટે પ્રોજેક્ટ ટાઇગર નામનું અભિયાન હાથ ધર્યું હતું, જેના હેઠળ બંદીપુર, કોર્બેટ, કાન્હા, માનસ, મેલઘાટ, પલામાઉ, રણથંભોર, સિમિપાલ અને સુંદરવન એમ નવ વનપ્રદેશોને ટાઇગર રિઝર્વ તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા. આગળ જતાં પ્રોજેક્ટ ટાઇગરનો સાથરો ફેલાયો અને વાઘની વસ્તી ધરાવતા વધુ જંગલ વિસ્તારોને તેમાં આવરી લેવાયા. આજે દેશભરમાં આવાં પચાસેક ક્ષેત્રો છે, જેમાંનું એક કેરળનો પેરિયાર નેશનલ પાર્ક છે. પ્રોજેક્ટ ટાઇગરની સફળતાના પગલે ઈ.સ. ૧૯૯૨માં હાથીઓની સુરક્ષા માટે પ્રોજેક્ટ એલિફન્ટ શરૂ કરાયો હતો. પેરિયાર અભયારણ્ય તેનો પણ ભાગ છે.

કેરળના ઇડુક્કી, કોટ્ટયમ્ અને પઠાણમિતિટ્ટા એમ ત્રણ જિલ્લામાં વહેંચાયેલા પેરિયારનો કુલ વનવિસ્તાર તો લગભગ નવસો ચોરસ કિલોમીટર જેટલો છે. આમાંનો આશરે ૩૦૦ ચોરસ કિલોમીટર એરિઆ નેશનલ પાર્ક તરીકે ઘોષિત કરાયો છે. કેરળની બે મુખ્ય નદી પામ્બા અને પેરિયાર તેમાંથી પસાર થાય છે. ઓગણીસમી સદીની આખરમાં ત્રાવણકોરના રાજાએ પેરિયાર નદી પર મુલ્લાપેરિયાર બંધ ચણાવીને વનક્ષેત્રમાં કૃત્રિમ સરોવર પેરિયાર બનાવડાવ્યું હતું. કુલ ૨૬ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું સરોવર અહીંના વન્યજીવો માટે પાણીનો મુખ્ય સ્રોત છે.

આ અભયારણ્ય ઠેક્કડીના નામથી પણ ઓળખાય છે, કારણ કે પેરિયારથી ૨.૫ કિલોમીટરના અંતરે આવેલું ઠેક્કડી પાર્કનો જ એક ભાગ છે. મરી, ઇલાયચી, તજ, લવિંગ, જાયફળ વગેરેની ખેતીનું ઠેક્કડી બહુ મોટું કેંદ્ર છે. પેરિયાર નેશનલ પાર્ક જવા માટેનું તે પ્રવેશદ્વાર પણ છે.

આ પાર્કનું વન જેટલું ગાઢ છે તેટલું જ સમૃદ્ધ છે. જાણીને આશ્ચર્ય થાય કે અહીં ઘાસની ૧૭૧ અને orchid/ ઓર્કિડ/ શતાવરીનાં સપુષ્પ છોડની ૧૪૦ વેરાઇટી થાય છે. આ ઉપરાંત સાગ, કેરી, જાંબુ, આમલી, વાંસ, અંજીર, નીલગિરિ, ચંદન જેવાં વૃક્ષોનો તો પાર નથી. ઔષધીય વનસ્પતિઓ પણ પુષ્કળ થાય



# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143

---









છે. ચા, કૉફી, એલચી તથા અન્ય તેજાનાના વાવેતર માટે પણ પેરિયાર-ઠેક્કડીનો વિસ્તાર જાણીતો છે.

વન્યજીવોની વાત કરો તો અહીં આવતા પર્યટકો માટે હાથી અને વાઘ સૌથી મોટું આકર્ષણ છે. વાઘની વસ્તી લગભગ ૪૦ની આસપાસ છે, જ્યારે હાથી તો સેંકડોની સંખ્યામાં જોવા મળે છે. હાથીઓને ટોળામાં વિહરતા જોવાનો લાભ અહીં મોટા ભાગના પ્રવાસીઓને મળી જાય છે. હાથી અને વાઘ ઉપરાંત અહીં ૩૫ જાતનાં સસ્તન પ્રાણીઓ થાય છે, જેમાં હરણ, ચિત્તળ, જંગલી ડુક્કર, ઊડતી ખિસકોલી, ગૌર (જંગલી પાડો), નીલગિરિ લંગૂર, સ્લોથ રીંછ, મંગૂસ અને જંગલી બિલાડી જેવાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. વિખ્યાત પક્ષીશાસ્ત્રી સલીમ અલીની યાદમાં નામકરણ પામેલાં સલીમ અલીઝ ફ્રૂટ બેટ પ્રકારનાં ચામાચીડિયાંની દુર્લભ પ્રજાતિ અહીં વસવાટ કરે છે.

ભારતભરમાં લગભગ ૧,૨૫૦ સ્પીસિસના પક્ષીઓ હોવાનું કહેવાય છે. આમાંથી ૨૨૬ પ્રકારનાં પંખીડાં પેરિયારમાં જોવા મળે છે. આથી ઑક્ટોબર પછી પક્ષીદર્શન માટે પેરિયાર આવનારા લોકોની સંખ્યા મોટી હોય છે. મલબાર ગ્રે હૉર્નબિલ (ચિલોત્રો), વ્હાઇટ બેલીડ બ્લૂ ફ્લાયકેચર (સફેદ પેટવાળો ભૂરો માખીમાર), સનબર્ડ (શક્કરખોરો), ગ્રેટ હૉર્નબિલ, ઑરિએન્ટલ ડાર્ટર (સર્પગ્રીવ), ઈગલ (ગરૂડ), ભૂરી પાંખવાળો પારાકીટ (સુડો), નીલગિરિ ફ્લાયકેચર (માખીમાર), બ્લેક આઇબિસ (કાળી કાંકણસાર), સ્પોટ બેલીડ ઈગલ-આઉલ (મોટો ઘુવડ), નીલગિરિ થ્રશ (કસ્તૂરો), વાબલર (ટીકટીકી), બંટિંગ (ગંદમ), યુરેશિયન વુડકોક (ગારાખોદ) વગેરે અનેક પક્ષીઓ જોવાનો લાહવો લેવો હોય તો પેરિયારના ઘટાટોપ જંગલમાં નિરાંતે ફરવું પડે. પક્ષીદર્શન માટે બાઇનૉક્યુલર અને કેમેરા હાથવગા રાખવા જોઈએ.

પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં ૧૬૦થી વધુ પ્રકારના પતંગિયાં, તેર પ્રકારની ગરોળી તથા કાચિંડાં અને સાપની વીસ કરતાંય વધુ સ્પીસિસ થાય છે. પેરિયારના સુંદર વનને તેમજ વન્યજીવોને જોવા-માણવા માટે એક કહેતાં અનેક વિકલ્પો છે. અહીં આવતા મોટા ભાગના પર્યટકો સરોવરમાં નૌકાવિહાર કરીને પેરિયાર જોઈ લીધાનું માને છે. પરંતુ એકાદ-બે કલાકની ટૂંકી યાત્રામાં પેરિયારની સમૃદ્ધિનો ખ્યાલ આવે નહિ. આ રમણીય વનને માણવું હોય તો કમ સે કમ બે દિવસનો સમય અહીં કાઢવો જોઈએ. કેરળના પર્યટન વિભાગ દ્વારા (અને ખાનગી કંપનીઓ દ્વારા પણ) અહીં ઘણી બધી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આ રહ્યું કેટલીકનું લિસ્ટ:

## 1 બોટ સફારી

આ અભયારણ્યમાં પ્રવાસીઓનો સૌથી વધુ ધસારો નૌકાવિહાર માટે થતો હોય છે. પેરિયાર સરોવર ઘણું વિશાળ છે, જેમાંના અમુક વિસ્તારમાં થતી બોટ સફારીનો સમયગાળો લગભગ બે કલાકનો હોય છે. સવારે ૦૭:૩૦ વાગ્યે પહેલી ફેરી

# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143




શરૂ થાય છે. સફારી માટેનો તે આદર્શ સમય છે, કેમ કે વહેલી સવારે ખોરાક-પાણીની શોધમાં નીકળેલાં પ્રાણી-પંખીઓ ત્યારે સક્રિય હોય છે. ગૌર, હરણ, સાંભર, જંગલી ડુક્કર, હાથીનાં ટોળાં તેમજ પક્ષીઓની પણ ઘણી સ્પીસિસ જોવા મળી શકે. છેલ્લી બોટ સફારીનો સમય બપોરે ૩:૩૦નો હોય છે.

## 2 એલિફન્ટ સફારી

લોકપ્રિયતાની દૃષ્ટિએ બીજા ક્રમે હાથીની સવારી છે. અડધો કલાકની સફારી દરમ્યાન પશુ-પંખીઓ ઉપરાંત જંગલ, ચા અને તેજાનાના બગીચા, આદિવાસી વસાહતો વગેરે જોવાનો અવસર મળે છે. ઉપરાંત હાથી પર સવારીનો આનંદ તો ખરો જ! આ વિકલ્પ લેવો કે નહિ તેનો નિર્ણય (આમેર કિલ્લાના લેખના અંતે નોંધ્યું તેમ) વ્યક્તિગત વિચાર પર અવલંબે છે.

## 3 બામ્બુ રાફ્ટિંગ

જંગલ ખાતાના ગાઇડની આગેવાની હેઠળ કરાવવામાં આવતી પેરિયાર સરોવરની તરાપા સહેલ માણવા જેવી હોય છે. બામ્બુ એટલે કે વાંસ વડે બનેલા તરાપા પર ગાઇડ વત્તા પાંચ મુલાકાતીઓ બેસી શકે છે. (જુઓ, લેખના આરંભે રજૂ કરેલી તસવીર). સવારે ૦૮:૦૦ વાગ્યે શરૂ થતી સહેલ સાંજે ૦૪:૦૦ની આસપાસ પૂરી થાય એ દરમ્યાન પેરિયાર જંગલનાં મનોહર દૃશ્યો તેમજ પ્રાણી-પંખીઓ જોવા મળે છે.


## 4 જંગલમાં ટ્રેકિંગનાં વિકલ્પો

ઇકો ટૂરિઝમ હેઠળ પેરિયાર પાર્કમાં કરાવવામાં આવતા ટ્રેકિંગની યાદી ઘણી લાંબી છે, જેમાંથી કેટલાક ઍડવેન્ચર ટ્રેક વિશે અહીં માહિતી આપી છે. વધુ માહિતી કેરળ ટૂરિઝમની અને/અથવા ખાનગી ટૂર ઑપરેટર્સની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**ગાઇડેડ નેચર વોકઃ** લગભગ ત્રણેક કલાકના આ ટ્રેક દરમ્યાન પેરિયારના જંગલને નજીકથી જોવા-સમજવાનો મોકો મળે છે. જંગલ વિભાગનો અનુભવી ગાઇડ સાથે આવે, એટલે તેની પાસેથી વનસ્પતિથી માંડી વન્યસૃષ્ટિ વિશે અવનવી વાતો જાણવા મળે એ લાભ જેવો તેવો નથી. પક્ષીદર્શનમાં તેમજ ફોટોગ્રાફીમાં રસ ધરાવનારે આ ટ્રેક કરવો જોઈએ. ગાઇડેડ નેચર વૉક સવારે ૦૭:૦૦થી બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં જુદા જુદા કુલ ૬ અંતરાલે થાય છે. એક ગ્રૂપમાં મહત્તમ પાંચ વ્યક્તિઓને સામેલ કરવામાં આવે છે.

**જંગલ પેટ્રોલઃ** ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટના સશસ્ત્ર રેન્જર્સ સાથે રાત્રિના અંધકાર વચ્ચે પેરિયાર ટાઇગર રિઝર્વમાં પેટ્રોલિંગ માટે ફરવાનો અનુભવ ખૂબ રોમાંચક બની શકે છે. આ ટ્રેક સાંજે સાત વાગ્યાથી સવારે ચાર વાગ્યા સુધી કરાવાય છે. માનસિક અને શારીરિક રીતે ખંતીલા પ્રવાસીઓ તેમાં ભાગ લઈ શકે છે.

**બોર્ડર હાઇકિંગ પ્રોટેક્શન ઓરિએન્ટેડ રેન્જ હાઇકિંગઃ** એક આખા દિવસનો હાઈકિંગ




# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143


ટ્રેક પેરિયાર ટાઇગર રિઝર્વના વનક્ષેત્રમાં યોજવામાં આવે છે. સવારે આઠ વાગ્યાથી શરૂ કરીને સાંજે પાંચ વાગ્યા સુધી ચાલતો આ ટ્રેક નવોદિત ટ્રેકરને કદાચ અઘરો લાગે, કેમ કે પગપાળા પ્રવાસ દરમ્યાન સારું એવું આરોહણ કરવાનું થાય છે. મહત્તમ ૧૩૦૦ મીટર/ ૪,૨૬૫ ફીટની ઊંચાઈએ પહોંચવાનું હોય છે, જ્યાંથી પેરિયારના વનનો પૅનોરામિક વ્યૂ જોવા મળે છે. આ ટ્રેકની ફીમાં ખાણીપીણી સામેલ હોય છે. ટ્રેકમાં મહત્તમ ૧૦ પ્રવાસીઓને લઈ જવામાં આવે છે. જંગલ ખાતાના ગાઇડ તથા રાઈફલધારી



# IAM GYPSY


**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143


રેન્જર ટ્રેક દરમ્યાન સતત પ્રવાસીઓની સાથે રહે છે.

## 5 જંગલમાં રાત્રિરોકાણ

વનક્ષેત્રમાં તંબૂ ખોડીને રહેવા માગતા સાહસિક પર્યટકો માટે કેરળના વન વિભાગે વિવિધ વિકલ્પો રાખ્યાં છે. દા.ત.–



**પેરિયાર ટાઇગર ટ્રેઇલઃ** આ ઍડવેન્ચર ટ્રેકિંગ અને કેમ્પિંગ માટે એક રાત-બે દિવસ અથવા બે રાત-ત્રણ દિવસ એમ બે વિકલ્પો છે. આ પ્રોગ્રામ અઠવાડિયામાં બે દિવસ જ હોય છે, માટે ઍડ્વાન્સ બુકિંગ અનિવાર્ય છે. પ્રત્યેક ગ્રૂપમાં વધુમાં વધુ છ વ્યકિતઓને સામેલ કરવામાં આવે છે. ટાઈગર ટ્રેઈલ ટ્રેક ૨૫થી ૩૫ કિલોમીટરનો છે. ટ્રેકિંગ દરમ્યાન શાકાહારી ભોજન અને જંગલમાં ટેન્ટની સુવિધા અપાય છે. આ ટ્રેકમાં સ્થાનિક જંગલવાસી લોકોને ગાઈડ તરીકે નિયુક્ત કરાતા હોય છે, જેઓ જંગલ વિશે ઘણું જ્ઞાન ધરાવતા હોય છે. લાંબા ટ્રેક દરમ્યાન ટેકરીઓ અને ખીણોમાંથી પસાર થતી વખતે હાથીનાં ટોળાં તેમજ અન્ય સજીવો જોવા મળી જતા હોય છે. નસીબ સારા હોય તો વાઘ પણ દેખાય! આ કાર્યક્રમ ગેરકાયદે થતી શિકારની પ્રવૃત્તિઓ અટકાવવા તથા જંગલ અને તેની અમૂલ્ય સંપત્તિનું રક્ષણ કરવામાં નાગરિકોએ કયા પ્રકારે સહયોગ આપવો જોઈએ તે વિશે જાગૃતિ લાવવાના પ્રયાસરૂપે શરૂ કરાયો છે.



**બામ્બુ ગ્રોવઃ** વાંસના ઉપવનની વચ્ચોવચ ઊભી કરાયેલી ઈકો લૉજમાં વાંસમાંથી જ બનાવેલાં ૧૫ કૉટેજ છે. અહીં એક રાત્રિનું રોકાણ કરી શકાય છે. આ ટ્રેકમાં વનભ્રમણ, આદિવાસી વસાહતની મુલાકાત, પક્ષીદર્શન અને પેરિયાર સરોવરમાં એક બોટ સફારીનો સમાવેશ થાય છે. બાર વર્ષથી નીચેના બાળકોને બામ્બુ ગ્રોવ ટ્રેકમાં પ્રવેશ અપાતો નથી.

**જંગલ ઇનઃ** પેરિયારના જંગલમાં ઠેર ઠેર ઊભા કરાયેલા નિરીક્ષણ ટાવર્સ પરથી આસપાસનો સુંદર વ્યૂ દેખાય છે. આ માટે પ્રવાસીઓને બપોરે ત્રણ વાગ્યે પેરિયાર ફૉરેસ્ટ ચેક પોસ્ટથી લગભગ એકાદ કલાક પગપાળા પ્રવાસ કરાવીને કોકકારા ખાતેની વનકુટિરમાં લઈ જવામાં આવે છે. વિવિધ નિરીક્ષણ ટાવર્સની તે દરમ્યાન મુલાકાત લેવાની હોય છે. એક રાત જંગલની લૉજમાં પસાર કરીને આગામી દિવસે સવારે પ્રવાસ પૂરો થાય છે. આ પૅકેજમાં રાત્રિરોકાણ તેમજ ભોજન સામેલ છે.

પેરિયારની સુંદરતા ફક્ત તેના રાષ્ટ્રીય ઉદ્યાન પૂરતી મર્યાદિત નથી, બલકે તેની આજુબાજુ આવેલાં ગ્રામ્ય વિસ્તારોની, ચા, કૉફી, તેજાનાના બગીચાઓની તથા વિવિધ જળપ્રપાતોની મુલાકાત ગોઠવી શકાય છે. ઉદાહરણ તરીકે–

**ઠેક્કડીથી ગવી જંગલ જીપ સફારીઃ** પેરિયાર ટાઈગર રિઝર્વનો એક હિસ્સો ગવી તરીકે ઓળખાય છે. આ વનક્ષેત્રમાં

# IAM GYPSY

**Periyar National Park**

**Date :** 14.11.2019 **| Edition : National| Page :** 64 **| Clip size (cm) : W:** 109 **H:** 143


---



ગવી નામનું ગામ વસેલું છે. સુંદર જંગલ, લીલીછમ ટેકરીઓ અને ખીણો (જુઓ, ઉપરનું ચિત્ર), એલચીના બગીચાઓ, ધોધ અને ઘાસના મેદાનોની વચ્ચેથી પસાર થતા રસ્તે ગવીની સફર યાદગાર બની રહે છે. વહેલી સવારે શરૂ થતી જંગલ જીપ સફારી બપોરે ચારેક વાગ્યે પૂરી થાય છે. આ સફારીમાં ત્રણેક કલાક જેટલું ટ્રેકિંગ કરવાનું હોય છે.

**તેજાનાના બગીચાની મુલાકાતઃ** ઠેક્કડી અને કુમીલી ખાતે તજ, લવિંગ, જાયફળ, એલચી, મરી વગેરે તેજાનાનું પુષ્કળ વાવેતર કરાય છે. અહીં થતો તેમનો ફાલ ઠેક્કડી અને કુમીલીના બજારમાં ઠલવાય છે, જ્યાં તેજાનાની દુકાનો કતારબંધ આવેલી છે. કેટલાક વેપારીઓ તેજાનાના બગીચાના માલિક છે, જેમની મંજૂરી મેળવીને બગીચાઓની ખાસ મુલાકાત લઈ શકાય છે.

**કડાથનાદાન કલારી કેંદ્રઃ** ઠેક્કડીમાં આવેલું આ એક



લોકપ્રિય સાંસ્કૃતિક મથક છે, જ્યાં કેરળના પરંપરાગત નૃત્ય કથ્થકલીનાં કાર્યક્રમો યોજાય છે. કેરળની પ્રાચીન માર્શલ આર્ટ વિદ્યા કલારીપાયત્તુના પણ અહીં શૉ યોજાય છે. લોકવાયકા મુજબ કલારીપાયત્તુ આશરે ૩,૦૦૦ વર્ષ પુરાણી યુદ્ધશૈલી છે, જે દક્ષિણ ભારતમાં ઉદ્‌ભવી હતી. માર્શલ આર્ટની કલારીપાયત્તુ રીત આત્મરક્ષણ માટે હોય છે. રોજ સાંજે ૬થી ૭ દરમ્યાન તેના દિલધડક શૉ યોજવામાં આવે છે. વધુ વિગત www.periyartourism.org વેબસાઈટ પરથી મળી રહેશે.

ઠેક્કડીની આસપાસ બીજાં ઘણાં દર્શનીય સ્થળો આવેલાં છે. સૌથી મોટું આકર્ષણ જો કે પેરિયાર નૅશનલ પાર્ક છે, જેને ઉતાવળે જોઈને અમુક કલાકોમાં પાછા ફરવાને બદલે ત્યાં થતા એકાદ ટ્રેકિંગમાં ભાગ લેવો જોઈએ. શક્ય હોય તો એકાદ રાત જંગલમાં પસાર કરવી જોઈએ. વન અને વન્યજીવોને માણવાની એ ખરી પદ્ધતિ છે.

## એક નજર આ તરફ...

**ક્યારે જવું?** પેરિયાર નૅશનલ પાર્ક આખું વર્ષ ખુલ્લો રહે છે, પણ ઑક્ટોબરથી ફેબ્રુઆરીનો સમય આદર્શ છે. ચોમાસામાં જંગલની અંદર ટ્રેકિંગ બંધ રહે છે. ભારે વરસાદના સમયે બોટ સફારી પર જવું પણ જોખમી બની જાય, એટલે સલામતી ખાતર એ પણ બંધ રાખવામાં આવતું હોય છે.

**કેવી રીતે જવું?** વિમાનમાર્ગે તમિલનાડુના મદુરાઈ અથવા કેરળના કોચી પહોંચી શકાય. આ બન્ને વિમાનમથકો ઠેક્કડીથી અનુક્રમે ૧૩૦ અને ૧૯૦ કિલોમીટર છેટે છે. રેલમાર્ગે કોટ્ટાયમ જઈ શકાય, જે લગભગ ૧૧૫ કિલોમીટરે છે. થિરૂવનન્તપુરમ્ તરફ જતી ટ્રેનો કોટ્ટાયમ ઊભી રહે છે. મદુરાઇ, કોચી તેમજ કોટ્ટાયમથી ઠેક્કડી અથવા કુમીલી માટે ટેક્સી/બસ ઉપલબ્ધ છે.

**ક્યાં રોકાવું?** કેરળ ટૂરિઝમની ત્રણ હોટેલ્સ પેરિયાર નૅશનલ પાર્કની અંદર આવેલી છે. વેબસાઈટઃ www.keralatourism.org/where-to-stay. ફૉરેસ્ટ ગેસ્ટ હાઉસમાં રહેવા માટે અગાઉથી બુકિંગ કરાવી દેવું જરૂરી છે. આ સિવાય ઠેક્કડી, કુમીલી, મુરીક્કડી અને આસપાસનાં વિસ્તારોમાં ઘણી ખાનગી હોટેલ્સ છે.

**વત્તા આટલું જાણોઃ** પેરિયાર નૅશનલ પાર્કમાં થતા ટ્રેક્સની જાણકારી માટેઃ https://bit.ly/2YwxY1A. ફોનઃ (4869) 222027, 224571, 85476 03066. એન્ટ્રી ફીઃ નૅશનલ પાર્કની ફી ₹૩૩ છે. બાળકો માટે પ્રવેશ ફી ₹૫ છે. પાર્કિંગ અને કેમેરા ફી અલગથી લેવામાં આવે છે. બોટ સફારીની વ્યક્તિદીઠ ટિકિટ ₹૨૨૫ છે. બાળકોની ટિકિટનો દર ₹૭૫ છે. આ ટિકિટ https://bit.ly/2YwxY1A પરથી ઑનલાઈન ખરીદી શકાય છે. ઍડવાન્સમાં ટિકિટ ખરીદવું વધુ સલાહભર્યું છે, કારણ કે અહીં ટિકિટ માટે ઘણી વાર કલાકો સુધી લાઈનમાં ઊભવું પડે છે.